તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય
આપવા માટેની સંત સૂરદાસ યોજના બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ—અપગ—૧૦૨૦૦૦—ન.બા.૪—છ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ—૧૯/૧૨/૨૦૦૩.

વંચાણે લીધા :—

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨—૯—૨૦૦૦નો સરખા ક્રમાંકવાળો ઠરાવ

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાનો તા.૩૧/૧/૦૨નો પત્ર ક્રમાંકઃ—અપગ/૪૩/૨૦૦૧—૨૦૦૨

<u>સુધારા ઠરાવ :—</u>

આમુખ (૧) આગળના તા.૨૨—૯—૨૦૦૦ના ઠરાવથી તીવ્ર વિકલાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટેની સંત સૂરદાસ યોજના અમલમાં છે. ઉક્ત ઠરાવથી આ યોજનાની શરતો પૈકી શરત નં.(૪)થી "અરજદારના કુટુંબના કોઈપણ સભ્યનું નામ ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની યાદીમાં સમાવિષ્ટ થતું હોવું જોઈએ" તેમ જણાવેલ છે આ અંગે જરુરી સુધારો કરવા આમુખ (૨) આગળના તા.૩૧—૧—૦૨ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ દરખાસ્ત કરેલ હતી. આ બાબતે સક્રિય વિચારણાના અંતે શરત નં.(૪) નીચે મુજબ સુધારવામાં આવે છે.

(૪) "લાભાર્થીના કુટુંબની આવક ગરીબી રેખાથી વધારે હોવી જોઈએ નહી".
આ અંગેની આવક સંબંધિત તાલુકાના મામલતદાર દ્વારા જ પ્રમાણિત થયેલી હોવી જોઈએ.

૨. ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

1926
31/12/03

//૨//

૭૫

॥ ૨ ॥

૩ આ હુકમો વિભાગની સરખા ક્રમાંકવાળી ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૯–૮–૦૩ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નંદકિશોર પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
–માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
–માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતાના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
–માન.વિરોધપક્ષ નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
–સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
–એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
–નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, અમદાવાદ.
–સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ.
–સચિવાલયના સર્વે વિભાગો,
–વિભાગની સર્વે શાખાઓ.
–પસંદગી ફાઈલ.
–ના.સે.અ.પસંદગી ફાઈલ.